"JINA - BHARATI"
Vardhaman Bharati International Foundation
Prabhat Complex, K.G. Road, Bangalore - 560 009
1580, Kumaraswamy Layout, Bangalore - 560 078
(Phone 080-22251552, 26667882)

~પરમ કૃપાળુની અંજાળીએ

મહાવીર દર્શન મહાજીવન કથા : ~અતીતના અંતર્લોકમાં અંતર્યાત્રા : જન્માંતરોની પેલે પાર! (ધ્યાનસંગીત સહ)

પૂર્વભૂમિકા

પૂર્વધ્વનિ :

- कल्याण पादपारामं.....
- मंगलं भगवान वीरो.....
- वीरः सर्वसुरासुरेन्द्र.....
- તે ત્રિશલા તનયે મન ચિંતવી.....
- વીતરાગ મહાવીરનું અંતર્ધ્યાન લગાવીએ, વિશુદ્ધ આત્મસ્વરૂપની અંતર્જ્યોત જગાવીએ.
- वीतराग महावीर का दिलमें ध्यान लगाइये, कषायमुक्त मुक्तिपंथ पर कदम बढ़ाते जाइये।

થંભીએ ઘડીભર તો આ વર્તમાનની ભાગ-દોડમાંથી ....
આ વિકરાળ વર્તમાનના-કરાલ કળિકાળના બિહામણા બહિર્જીવનમાંથી.....
સરી જઈએ, સંચરી જઈએ — પુરાણ પુરુષ પરમ પુરુષ પ્રભુ - મહાપ્રભુ મહાવીરના
એ પવિત્ર કાળના અભય, અક્ષુબ્ધ, અખેદભર્યા અંતર્જીવનમાં ....
— એ અંતર્લોકમાં, આત્માના આલોકભર્યા એ અસીમ અંતર્પ્રદેશમાં, 'અનંત વીર્ય, અનંત સામર્થ્ય' ભરેલા એ આત્મસાગરના રત્નગર્ભા અતલ ઊંડાણમાં!
હા, એ અંતર્સાગર, એ અંતર્લોક... એનું એ અતલ ઊંડાણ — જ્યાં વિલસી વિસ્તરી રહ્યું છે એ પરમપુરુષનું વિરાટ, વિશાળ, સર્વોદય તીર્થ — ધર્મતીર્થમય વિશ્વતારક જિનશાસનનું ભવ્ય જીવન-મંદિર —

"ભવિજન! મંદિર જુઓ વીરના રે, લોલ (૨), કંઈ પ્રગટે અલૌકિક નૂર જો, ભવિજન!
વેરઝેરથી આ વિશ્વ બહુ તરફડે રે લોલ, અહીં પ્રેમનો આનંદ ભરપૂર જો, ભવિજન!
રાગ-દ્વેષના વિકાર ઠામ ઠામ છે રે લોલ, અહીં અચળ અવિકારી સ્વરૂપ જો, ભવિજન!
ભવિજન! મંદિર જુઓ વીરના રે લોલ ....(૩)........" (મિત્ર)

હા, આ એ જ વિરાટ વિશાળ વટવૃક્ષ-શું મંદિર — વીરનું, વીરના ભવ્ય અવિભાજિત શાસનનું...! અંતર્ધ્યાન - આત્મધ્યાનના મહાશાસનનું...!! ૨૫૦૦-૨૬૦૦ વર્ષોથી જે અંતર-સાગર તળે રહ્યું હતું — વિસ્મૃત, વિભાજિત, વેદનાગ્રસ્ત, પ્રાણગ્રસ્ત બનીને!!!
સ્વયંના, સ્વક્ષેત્રના, આત્મપ્રદેશના એ આલોકમાં, આત્માના અવિચ્છિન્ન પ્રકાશમાં, એ વિસ્મૃત ભવ્ય મંદિરને એમ ડૂબેલું નિહાળ્યું વર્તમાનમાં — પ્રભુવીરના જ એ પૂર્વકાળના એક લઘુશિષ્યે : કંટકોથી અવરાયેલું-ઢંકાયેલું, અંતર-વ્રણોથી ઘવાયેલું, ખંડખંડ છિન્ન-ભિન્ન ને વિભાજિત થયેલું!
એ ક્ષત-વિક્ષત અવસ્થામાં એને એમ નિહાળીને એનું અંતર રડી ઊઠ્યું, હચમચી ઊઠ્યું, વલોવાઈ ઊઠ્યું... વેદનાથી વલોવાતા હૃદયે એણે કાળદોષભર્યા આ કરાલ કળિકાળમાં આ જંબુ-ભરતમાં આવીને, એના મૂળ અખંડ અવિભાજિત

મહાવીર દર્શન મહાજીવન કથા

~ અતીતના અંતર્લોકમાં અંતર્યાત્રા : જન્માંતરોની પેલે પાર ! ~

પરમકૃપાળુની મંગળોએ (ધ્યાનસંગીત સહ)

પૂર્વભૂમિકા

(પૂર્વદર્શન.)

ભવ્ય મંગલસ્વરૂપને બહાર ઊપર ખેંચી લાવીને વર્તમાનમાં મૂક્યું ...એમાંનો અંતર્ઘોષ સ્વયં સુણ્યો અને સર્વ જગને સુણાવ્યો - પ્રતિધ્વનિત કર્યો —

"जे एगं जाणइ से सव्वं जाणइ ...." (આચારાંગ સૂત્ર)

"જેણે આત્મા જાણ્યો, તેણે સર્વ જાણ્યું ..." (નિર્ગ્રંથ પ્રવચન)

— આત્માના આ વિસ્મૃત સ્વરૂપની, આત્માના નિજધર્મ - જિનધર્મ - ની એણે આહલેક જગાવી, ધર્મના નામે ચાલેલા અધર્મોને તોડતી - પડકારતી —

"કળિકાળે આ જંબૂ-ભરતે, દેહ ધર્યો નિજ-પર-હિત શરતે
રાજ્યું મોહ અંધારું હો, કૃપાળુદેવ ! જિનેશ્વર દેવ !!
ધર્મ-ઢોંગને દૂર હટાવી, આત્મધર્મની જ્યોત જગાવી,
કર્યું ચેતન-જડ ન્યારું હો, કૃપાળુદેવ ! જિનેશ્વર દેવ !! ...."

(શ્રી સહજાનંદઘનજી)

— આપણે પરીચવું છે - કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પછીના આ આત્મધર્મ-જ્યોત જગાવનાર બીજા પ્રકટ ને ગુપ્ત યુગપુરુષે - સત્પુરુષે - જગાવેલી મહાવીરના મહાજીવનની એ મહાજ્યોતના આલોકમાં (પ્રકાશ) - એ અનંત, અદ્ભુત આત્મપ્રકાશના અંતર્લોકમાં — સૌ પ્રારંભે વિસ્મૃત, વિભાજિત અને વિશૃંખલિત બનેલા એવા વીરશાસન વિષેની એમની પેલી અંતર્વેદનાનું અવગાહન કરીને —

"વર્તમાનમાં જૈનદર્શન એટલું બધું અવ્યવસ્થિત અથવા વિપરીત સ્થિતિમાં જોવામાં આવે છે કે, તેમાંથી જાણે જિનને × × × × × × ગયો છે, અને લોકો માર્ગ પ્રરૂપે છે. બાહ્ય કુટારો બહુ વધારી દીધો છે, અને અંતર્માર્ગનું ઘણું કરી જ્ઞાન વિચ્છેદ જેવું થયું છે. ××××× અને જૈનમાર્ગમાં ઘણા વર્ષ થયાં તેવું (મોટા આચાર્યો કે માર્ગજ્ઞાતા સત્પુરુષો થયાનું) બન્યું દેખાતું નથી. જૈનમાર્ગો પ્રજા પણ ઘણી થોડી રહી છે, અને તેમાં સેંકડો ભેદ વર્તે છે, એટલું જ નહીં પણ 'મૂળમાર્ગ'ની સન્મુખની વાત પણ તેમને કાને નથી પડતી, અને ઉપદેશકના લક્ષમાં નથી, એવી સ્થિતિ વર્તે છે. તેથી ચિત્તમાં એમ આવ્યા કરે છે કે જો તે માર્ગ વધારે પ્રચાર પામે તો તેમ કરવું, નહીં તો તેમાં વર્તતી પ્રજાને મૂળલક્ષપણે દોરવી. આ કામ ઘણું વિકટ છે. વળી જૈનમાર્ગ પોતે જ સમજવો તથા સમજાવવો કઠણ છે. સમજાવતાં આડાં કારણો આવીને ઘણાં ઊભાં રહે, તેવી સ્થિતિ છે ××× જો આ કાર્ય આ કાળમાં અમારાથી કંઈ પણ બને તો બની શકે; નહીં તો હાલ તો મૂળમાર્ગ સન્મુખ થવા માટે બીજાનું પ્રયત્ન કામ આવે તેવું દેખાતું નથી. ઘણું કરીને મૂળમાર્ગ બીજાના લક્ષમાં નથી, તેમ તે હેતુ દૃષ્ટાંતે ઉપદેશવામાં પરમશ્રુત આદિ ગુણો જોઈએ છે, તેમ જ અંતરંગ કેટલાક ગુણો જોઈએ છે, તે અત્ર છે એવું દૃઢ ભાસે છે. ×××× અમે ધારીએ છીએ તેમ સર્વસંગપરિત્યાગાદિ થાય તો હજારો માણસો મૂળમાર્ગને પામે, અને હજારો માણસ તે માર્ગને આરાધી સદ્ગતિને પામે એમ અમારાથી થવું સંભવે છે."

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત (પત્ર ૭૦૮)

મહાવીરદર્શન મહાજીવન કથા

~ અતીતના અંતર્લોકમાં અંતર્યાત્રા : જન્માંતરોની પેલે પાર ! ~ પરમકૃપાળુની આજ્ઞાએ (ધ્યાનસંગીત સહ)

વેદનાનાં વેણ — (પૂર્વદર્શન કરતાં) વ્યથિત હૈયે કહેલું, વર્તમાનના વિપરીત, વિશૃંખલિત વીરશાસનનું અંતર વલોવતું વાસ્તવ ચિત્રણ !!

પૂર્વભૂમિકા

વીતરાગઆજ્ઞાવિહીન મત મતાંતર

" અત્યારે વીતરાગ દેવને નામે જૈનદર્શનમાં એટલા બધા મત ચાલે છે કે તે મત, તે મતરૂપ છે, પણ સતરૂપ જ્યાંસુધી વીતરાગ દેવની આજ્ઞાનું અવલંબન કરી પ્રવર્તતા ન હોય ત્યાં સુધી કહી શકાય નહીં.

" એ મતપ્રવર્તનમાં મુખ્ય કારણો મને આટલાં સંભવે છે : (૧) પોતાની શિથિલતાને લીધે કેટલાક પુરુષોએ નિર્ગ્રંથદશાની પ્રાધાન્ય(તા) ઘટાડી હોય. (૨) પરસ્પર બે આચાર્યોનો વાદવિવાદ. (૩) મોહનીય કર્મનો ઉદય અને તે રૂપે પ્રવર્તન થઈ જવું (૪) ગ્રહ્યા પછી તે વાતનો માર્ગ મળતો હોય તો પણ દુર્લભબોધિતાને લીધે ન ગ્રહવો. (૫) મતિની ન્યૂનતા (૬) જેના પર રાગ તેના છંદમાં પ્રવર્તન કરનારાં ઘણાં મનુષ્યો. (૭) દુઃસમ કાળ અને (૮) શાસ્ત્રજ્ઞાનનું ઘટી જવું.

× × × × × × × ×

" ....અને વીતરાગની આજ્ઞામાં જેણે પોતાનો આત્મા સમર્પ્યો છે તેવા પણ તે આંગળીએ ગણી લઈએ તેટલા હશે ! બાકી તો દર્શનની દશા જોઈ કરુણા ઊપજે તેવું છે "

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત ૪૦) (૧૦૧)

તત્ત્વાવબોધ જ્ઞાનવર્ધન

" મહાવીર ભગવંતના શાસનમાં બહુ મતમતાંતર પડી ગયા છે, તેનું મુખ્ય આ એક કારણ પણ છે કે તત્ત્વજ્ઞાન ભણીથી ઉપાસક વર્ગનું લક્ષ્ય ગયું. માત્ર ક્રિયાભાવ(ભ) પર રાચતા રહ્યા; જેનું પરિણામ દૃષ્ટિગોચર છે. વર્તમાન શોધમાં આવેલી પૃથ્વીની વસતિ લગભગ દોઢ અબજની ગણાઈ છે તેમાં સર્વ ગચ્છની મળીને જૈનપ્રજા માત્ર

* વીશ લાખ છે. એ પ્રજા તે શ્રમણોપાસક છે. એમાંથી હું ધારું છું કે નવ તત્ત્વને પઠનરૂપે બે હજાર પુરુષો પણ માંડ જાણતા હશે ! જ્યારે આવી પતિત સ્થિતિ તત્ત્વજ્ઞાન સંબંધી થઈ ગઈ છે ત્યારે જ મતમતાંતર વધી પડ્યા છે. એક લૌકિક કથન છે કે 'સો શાણે એક મત' તેમ અનેક તત્ત્વવિચારક પુરુષોના મતમાં ભિન્નતા બહુધા આવતી નથી."

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત શિક્ષાપાઠ ૯૪) (૧૭૯)

એક મહાન સમાજ-સ્થાપનાની અગત્યતા

" ...××× પરંતુ સર્વજ્ઞ ભગવાનનું કહેલું ગુપ્ત તત્ત્વ પ્રમાદસ્થિતિમાં આવી પડ્યું છે, તેને પ્રકાશિત કરવા તથા પૂર્વાચાર્યોનાં ગૂંથેલાં મહાન શાસ્ત્રો એકત્ર કરવા, પડેલા ગચ્છના મતમતાંતરને ટાળવા તેમજ ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા એક મહાન સમાજ સદાચરણી શ્રીમંત અને ધીમંત બન્નેએ મળીને સ્થાપન કરવાની (આવશ્યકતા) છે એમ દર્શાવું છું. પવિત્ર સ્યાદ્વાદમતનું ઢંકાયેલું તત્ત્વ પ્રસિદ્ધિમાં આણવા જ્યાં સુધી પ્રયોજન નથી, ત્યાં સુધી શાસનની ઉન્નતિ પણ નથી. લક્ષ્મી, કીર્તિ અને અધિકાર સંસારી કળાકૌશલ્યથી મળે છે, પરંતુ આ ધર્મકળાકૌશલ્યથી તો સર્વ સિદ્ધિ સાંપડશે ! મહાન સમાજના અંતર્ગત ઉપસમાજ સ્થાપવા. મતમતાંતર તજી, વાડામાં બેસી રહ્યા કરતાં એમ કરવું ઉચિત છે.

(...[illegible] અનુસંધાન... → ક્રમશઃ →)

~ અતીતના અંતર્લોકમાં અંતર્યાત્રા : જન્માંતરોની પેલે પાર ! ~ પરમકૃપાળુની આંગળીએ (ધ્યાનસંગીત સહ)

પૂર્વભૂમિકા

(• પૂર્વદર્શન •)

— આવી પરમકરુણા અને અંતર્વેદના ભરેલા એ યુગદ્રષ્ટા સત્પુરુષની આંગળી ઝાલીને અંતર અવગાહન કરતાં, વીરશાસનની પૂર્વોક્ત સર્વ વિશૃંખલતાઓ ને વર્તમાનની વિકરાળતાઓ વટાવીને, યુગયુગોથી વિસ્મૃત અને સાગરતળે લુપ્ત એ આત્મધ્યાનમય વીરમંદિરને શોધવા, નિહાળવા, માણવા ને ભેટવા આપણે તેમની સંગે ચાલીશું...... અને અંતે પહોંચીશું એ મહામંદિરમાં વિરાજેલા પરમપુરુષ પ્રભુ મહાવીરના એ મહાજીવનના દર્શનમાં, આત્મ-દર્શનમાં, મહાવીરદર્શનમાં!

પણ પળભર થોભો !

ત્યાં પહોંચવા માટેના પ્રસ્થાન પૂર્વે સુદૂરથી સંભળાઈ રહી છે એક અનોખી સત્યકથા .....

એ સત્યકથા આપણને પ્રથમ લઈ જાય છે એક નિરાળી સૃષ્ટિમાં :~

"હજારો વર્ષ પુરાણી વાત છે. કહે છે કે પરમાત્માનું એ મંદિર ઊંડા સાગરમાં ડૂબી ગયું હતું અને ન જાણે કેટલાં વર્ષો સુધી એ મંદિર ત્યાં સમુદ્રમાં ઊંડે ડૂબેલું જ રહ્યું .....

" હું મારા પંચ પ્રમાદોની મહાનિદ્રામાં આરામથી સૂતો હતો, ત્યારે મને પરમાત્માના એ મંદિરના શિખરો પરની ઘંટડીઓનો અવાજ સંભળાયો (શો અદ્ભુત એ અંતર્ઘંટનાદ!) .... હું ચોંક્યો, જાગી ઊઠીને ચાલી પડ્યો એ જાદુભરેલા, આકર્ષણભરેલા, માધુર્યમીઠાશભરેલા અવાજ ભણી અને એ સંગીતમય સૂરસથવારે સાગરકિનારે પહોંચ્યો તો જોયું કે ત્યાં પ્રથમથી જ હજારો લોકો બીજા પણ ઊભેલા છે... તેઓ પણ સમુદ્રભીતરથી આવી રહેલ આ મધુરિમ સ્વર ભણી જવા ઇચ્છતા હતા, પણ એ સૌ ડરી રહ્યાં હતા : "સાગરની યાત્રા ખતરાઓથી-ભયોથી ભરેલી છે... ક્યાંક ડૂબી જવાશે તો?" — આવી અકર્મણ્ય આશંકા સાથે, ભયગ્રસ્તતાથી સંશયાત્મા બનીને આ હજારો લોકો હજારો વર્ષોથી ત્યાં ઊભા હતા.... શા માટે? પેલા અવાજમાં, એ મધુરિમ સ્વરના શ્રવણમાં, એવો કોઈ જાદુ હતો ! એ જાણે સાદ પાડી નિમંત્રી રહ્યો હતો:

"पाना हो तो चल गहराई में.... साहिल के लिये बेताब न हो....!"

"મેં તો / એ અંતર્ઘંટનાદનો, / એ સંગીતના સાદનો પડકાર ઝીલી લીધો... ઝટ દઈને મેં કિનારા પર લંગારાયેલી નૌકાનું લંગર ખોલ્યું.... તેમાં છલાંગ મારી અને નૌકા હવા તથા પાણી સાથે વાતો કરવા લાગી... નૌકા આગળ ચાલી — સતત, સુદૂર, ખૂબ ઊંડાણ સુધી.... પેલા અગમ્ય અવાજને સાંભળતો જેમ જેમ એ ઊંડાણે આગળ વધ્યો કે... ...આ શું ?... એ અવાજ સંભળાતો અચાનક બંધ થઈ ગયો...! હું ગભરાઈ ગયો / ભયભીત થઈ ગયો...! જે સંગીતની શોધમાં, જે અવાજના / જે ઘંટનાદની / આકર્ષણમાં હું આટલે દૂર ચાલ્યો આવ્યો હતો, ત્યાં તો નિપટ અંધારું છવાઈ ગયું છે! ન કોઈ

notes

મહાવીર દર્શન મહાજીવન કથા

~ અતીતના અંતર્લોકમાં અંતર્યાત્રા : જન્માંતરોની પેલે પાર ! ~ પરમકૃપાળુની આંગળીએ (ધ્યાન સંગીત સહ)

પૂર્વભૂમિકા

(• પૂર્વધ્વનિ •)

અવાજ છે, ન કોઈ ટાપુ છે, ન કોઈ સંગીત ....!!.... પરંતુ હું એટલો દૂર નીકળી ગયો હતો કે પાછા ફરવાનો કોઈ માર્ગ બચ્યો નહીં — સાત સમુંદરની વચ્ચે માણસ ચાલ્યો જાય પછી શી રીતે ખબર પડે કે એ ક્યાંથી આવ્યો હતો અને એણે ક્યાં જવાનું છે.?

નિઃશબ્દ શૂન્યતામાં થોડી ક્ષણો વીતી.....

પણ પછી ધીમે ધીમે સાગરના અતલ ઊંડાણેથી એક જુદો જ ઘનગંભીર મહાઘોષ સંભળાવા લાગ્યો, જે એ વિસ્મૃત મહામંદિરના સૃષ્ટા મહામાનવનો હતો:—

"હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? .... પૂર્વ દિશામાંથી, પશ્ચિમ દિશામાંથી, ઊર્ધ્વ દિશામાંથી, અધોલોકસૃષ્ટિમાંથી ?... ક્યાંથી ?.... મારું સાચું, સમ્યક્ સ્વરૂપ શું ?" (આચારાંગ સૂત્ર)

— અને એ મહામાનવના એ મહાઘોષનો પ્રતિઘોષ પાડી રહ્યો હતો — તેનો પેલો સજગ, સુગુપ્ત, પૂર્વનો લઘુ શિષ્ય અંતેવાસી :—

"હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધી વળગણા છે ? રાખું કે એ પરિહરું... ?" (શ્રીમદ્ : બહુ પુ(ણ્ય)..)

"मैं कौन हूँ ? आया कहाँ से ? क्या स्वरूप है मेरा सही ? .. (आत्मखोज)
कौन देश से आये मुसाफिर ? कौन देश है जाना ?
भूल गया क्या राह में आकर, चाहे किसको पाना ? कौन देश है जाना ?"
(ધ્યાનસંગીત)

— ધીરે ધીરે વિસ્તરતા જતા આ મહાઘોષ — પ્રતિઘોષોએ મને હચમચાવી મૂક્યો.....

એના ઉદ્‌ગમના સ્રોતને, મૂળને શોધવા જવાની ઉત્કંઠા જાગી, તેને આત્મસાત્ કરીને જ જંપવાનો મહાસંકલ્પ ઊઠ્યો :-

"॥ बैठे हैं / आये हैं तेरे दर पे, तो कुछ करके उठेंगे।
या वस्ल ही हो जायगा, या मरके उठेंगे ॥" (સ્વામી રામતીર્થ)

— અને 'કરેંગે યા મરેંગે'ની સંકલ્પનાએ, આ દ્વાર ખખડાવવાની જિજ્ઞાસાએ પરમગુરુના કૃપાનુગ્રહને ઢંઢોળ્યો, ઢંઢોળાવ્યો ને પમાડ્યો ! 'Knock ! and the doors will be thrown open unto you !'

— ને ખોલી દીધાં બંધ દ્વાર, બંધ કમાડ, યુગ યુગો - ભવ ભવોથી બંધ રહેલા અંતર્દૃષ્ટિ - અંતર્લોકનાં મહાદ્વાર.....

એ અદ્‌ભુત આનંદ-દ્વારને : અંતર્ધ્યાનનાં દ્વારને ખોલતા એક ટાપુ પર પરમગુરુના એ કૃપાનુગ્રહે મને લાવી મૂક્યો...

એ અજ્ઞાત, અજાણ્યા ટાપુ પર પગ મૂકતાં જ અનુભવી પરમ શાંતિ,

મહાવીરદર્શન મહાજીવન કથા

~અતીતના અંતર્લોકમાં અંતર્યાત્રા : જન્માંતરોની પેલે પાર !~ પરમકૃપાળુની આંગળીએ.. (દર્શન-સંગીત સહ)

પૂર્વભૂમિકા

(.પૂર્વધ્વનિ.)

પરમ સમાધિ, પરમ આનંદધારા! એ અપૂર્વ હતી-પૂર્વે કદીય, ક્યારેય, ક્યાંય નહીં અનુભવેલી..... ("જાગી શાંતિ અપૂર્વ રે.... . . . .")

એ શાંતિ-સમાધિમાંથી ધીમે ધીમે પુનઃ ઊઠવા લાગ્યો પેલો બંધ પડી ગયેલો અને મને અજ્ઞાતની શોધમાં દોરી જઈ રહેલો અવાજ ....વીરના અંતર્લોકના મહા-મંદિરની સૂરીલી ઘંટડીઓનો મધુરિમ સંગીત-ધ્વનિ-સ્વર ......

પરમાનુગ્રહે મને દોરી રહ્યો, ધકેલતો રહ્યો એ મધુર-બહિર્નાદના પછી અંતર્નાદ ને અનાહત નાદ ભણી ....અને......અને ....

એક ધન્ય દિને નિહાળ્યું કે પરમાત્માનું એ વિસ્મૃત, જળનિમગ્ન, અંતર્લોકનું મહા-મંદિર હવે જળના, સાગરતળના ઊંડાણેથી ધીરે ધીરે ઉપર ઊઠી રહ્યું છે.... ....અને ઉપર ખેંચી રહ્યા - ઉઠાવી-ઉદ્ધારી રહ્યા છે પેલા પ્રકાશપુરુષ, યુગ-દ્રષ્ટા પરમગુરુ.....

મંદિર પૂરું ને પૂરું ઉપર ઊઠતું સાક્ષાત્ થઈ ગયું, તેમાંથી સદાસતત પ્રતિધ્વનિત થતો ઊઠી રહ્યો હતો પેલો સંગીતમય સમધુર મહાઘોષ :—

"હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?"

— આ મહાઘોષનું શ્રવણ હચમચાવી રહ્યું છે, ઢંઢોળી રહ્યું છે, ઝંકૃત કરી રહ્યું છે મારા સમગ્ર અંતરસ્વરૂપના પ્રત્યેક અણુ-રેણુ-પરમાણુને !

આ અભિનવ, પૂર્વે અદીઠ, અલૌકિક નૂરભર્યા મંદિરનું મહાદર્શન આનંદથી ભરી રહ્યું છે મારા સારાયે અસ્તિત્વને....અને એ અંતર્લોકના ઊંડાણમાં હું પામી રહ્યો છું—

"जिन खोजा तिन पाईया, गहरे पानी पैठ ।
मैं बौरी ढूंढन चली और रही किनारे बैठ ।" (કબીર)

કિનારે ઊભેલા પેલા હજારો હજાર સંશયાત્મા લોકોને મારાથી કહેવાઈ ગયું, નિમંત્રણ અપાઈ ગયું આ પરમ આનંદના અનુભવની મસ્તીમાં—

"सीप किनारे चमकीले हैं, चुनकर क्यों पछताना ?
यदि तू चाहे मोती लेने, गहरे पानी आना, कौन दूर है जाना?"

આ ગહનજળનો સાગર - આનંદ સાગર—સ્વયંના જ ઊંડાણેથી પ્રગટેલો - જાગેલો આત્મસાગર દર્શાવ્યો હતો—પ્રકાશપુરુષ પરમગુરુએ : પ્રભુવીરના જ શ્રીમુખેથી જીવનરહસ્યો સુણી આવેલ એવા તેમના એ લઘુતાભર્યા લઘુ શિષ્યે અને આ કાળના સમગ્રતાભરેલા મહાવીરજીવનદર્શનના દ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ.

~ તેમના એ દિવ્ય અંતર્દર્શનના પ્રકાશમાં આપણે પ્રવેશ કરીશું મહાવીર જીવનના મહાદર્શનમાં, મહાવીર દર્શનમાં, તેમનો એ સાદ સાંભળી આપણા શુદ્ધ સિદ્ધ સ્વરૂપને જગાવતા : "સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય....નિમિત્તોપાદાન!!"

મહાવીરદર્શન મહાજીવન: મહાવીરના મહાજીવનના અંતર્લોકમાં આત્મ-યાત્રા: પરમ કૃપાળુની આંગળીએ... (ધ્યાનસંગીત સાથે)

૬૧

પૂર્વભૂમિકા (સમાપન)

એ સદ્‌ગુરુઆજ્ઞાપૂર્વક આપણે 'જિનદશા'નું, મહાવીરજીવનદર્શન દ્વારા, દર્શન કરવા અને આપણી નિજદશાને તેમાં જગાડવા, આ ધ્યાનલોકની અંતર્યાત્રા કરીશું 'મહાવીર દર્શન'ની – સર્વકાંઈ, સમગ્રપણે વિસ્મૃત કરીને, અનન્ય ભાવે જિન-ચરણે – સદ્‌ગુરુ ચરણે સંપૂર્ણ સમર્પણ કરીને:

- "अन्यथा शरणं नास्ति त्वमेकं शरणं मम। तस्मात् कारुण्यभावेन रक्ष रक्ष जिनेश्वर।"
- "अनन्य आत्मशरणप्रदा सद्गुरु राज विदेह, पराभक्ति वश चरणमें धरूं आत्मबलि एह॥"

જિનશરણ – સદ્‌ગુરુશરણ અને આત્મ-સ્મરણ: જેનો જિનાજ્ઞા આધાર છે –

- "जे एगं जाणइ, से सव्वं जाणइ.... જેણે આત્મા જાણ્યો, તેણે સર્વ જાણ્યું"

તો જિનદર્શનમાં આ નિજદર્શન કરવા, 'મહાવીર દર્શન'માં આ આત્મ-દર્શન કરવા – આ આત્માને જાણવા – પોતાથી જ પોતાને ઓળખવા – પામવા....

– ક્રિયાજડતા ને શુષ્કજ્ઞાનના બંને એકાંગી એકાંતિક કિનારા છોડીને, બંનેની મધ્યની ભાવધારા, ધ્યાનધારામાં વહીને: અનુભૂતિધારા, પ્રતીતિધારા, લક્ષ્યધારાને પકડીને આપણે પહોંચવું છે –

– પેલા અસંગ, એકાકી દ્વીપ પર.....

– એ વિસરાયેલા દ્વીપ પરના, વિસરાઈ ગયેલા – ખોવાઈ ગયેલા વીરમંદિરના – અંતરમંદિરના બંધ દ્વાર આપણે ખખડાવવા ને ખોલવા છે.....

– જુઓ! પરમ પુરુષનો પેલો પરમાનુગ્રહ ભરેલો પ્રકાશ આપણને દોરવા ત્યાં પથરાઈ રહ્યો છે......

– સુણો! એ પરમપુરુષનો અંતર્ઘોષ અને એ અગમ-મંદિરની ઘંટડીઓનો નાદ આપણને નિમંત્રી રહ્યો છે... ત્યાં ખેંચી રહ્યો છે....

– એ અંતર-મંદિર...! એ દિવ્ય પ્રકાશ....!! એ અંતર્નાદ – અનહદ નાદ – હદની પેલે પારનો નાદ.... આહતોની બહારનો અનાહત નાદ...!!! જેનો પુનઃ પુનઃ ઘોષ-પ્રતિઘોષ ઊઠી રહ્યો છે પળે પળે "जे एगं जाणइ से सव्वं जाणइ...)"

– આપણા આ ખોવાયેલા 'એક'ને, ભુલાયેલા 'આતમરામ'ને શોધવા ને ભેટવા, પરમાત્મા મહાવીરના અંતર્દર્શનમાં પોતાનું જ અનંત ઐશ્વર્યભર્યું આત્મસ્વરૂપ નિહાળવા, પોતે જ પોતાનો સંગ માણવા, પરમપુરુષના પ્રકાશ અને નાદની આંગળી પકડીને એને પોતાનામાં જ પામવા ને સર્વ પરમાંય એને જોવા, 'જાણભેદુ' એ પરમ પ્રભુ જેમ નિજમાં ને બીજામાં એને નીરખવા, ઘડીભર કાયાના, મનના, વચનના કોટડેથી એને જેલમુક્ત કરી, અંતર્મૌનમાં લાવી આપણે આ સ્થૂલ દેહ અને સ્થૂલ ભવનને છોડીને (આપણે) પ્રવેશીશું સુદૂર અતીતના મહાવીરના મહાજીવનના દર્શનમાં.....વર્તમાનની પેલે પારના પુરાણ પુરુષના એ પાવન કાળમાં! 'જે એકને – આત્માને જાણે છે, તે નિજ-પર સર્વમાં – સામામાં પોતાને જ દેખે છે – સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો' આ વચનને હૃદયે ભજે છે તે પોતાનું જ દર્શન કરે છે આ મહાવીરદર્શનમાં

॥ महावीरस्वामी नयनपथगामी भवतु मे ॥

(અંતર્યાત્રા સંદર્ભ: શ્રીમદ્‌-દર્શન અનુમોદક 'भारा सौंपा मिल गया' મુનિશ્રી મનુભ્રમલ, જોધપુર.)
(પુનર્લેખન 6-2-11 બેંગલોર)

· મહાવીર દર્શન · (અનુચિંતન)

વેદનાનાં વેગ – વ્યથિત હૈયે કરેલું વર્તમાનના વિપરીત વિશૃંખલિત વારસાસનું અંતર વલોવતું વાસ્તવ ચિત્રણ !!

[પૃ. 3Aનું અનુસંધાન]

(*) કરતાં એમ કરવું ઉચિત છે. હું ઈચ્છું છું કે તે કૃત્યની સિદ્ધિ થઈ જૈનાંતર્ગચ્છ મતભેદ ટળો, સત્ય વસ્તુ ઉપર મનુષ્યમંડળનું લક્ષ્ય આવો; અને મમત્વ જાઓ!" (છ)

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત, શિક્ષાપાઠ ૯૯) (૧૨૭-૨૮)

સત્યધર્મ સંસ્થાપના-પ્રવર્તના · (ગુપ્ત પત્ર એક મહાશયને) "હું કેવળ હૃદયત્યાગી છું. થોડી મુદતમાં કંઈક અદ્‌ભુત કરવાને તત્પર છું. સંસારથી કંટાળ્યો છું.

"હું બીજો મહાવીર છું, એમ મને આત્મિક શક્તિ વડે જણાયું છે. મારા ગ્રહ દશ વિદ્વાનોએ મળી પરમેશ્વરગ્રહ ઠરાવ્યા છે. સત્ય કહું છું કે હું સર્વજ્ઞ સમાન સ્થિતિમાં છું. વૈરાગ્યમાં ઝીલું છું. — આશુપ્રજ્ઞ રાજચંદ્ર

"દુનિયા મતભેદના બંધનથી તત્ત્વ પામી શકી નથી. સત્ય સુખ અને સત્ય આનંદ તે આમાં નથી. તે સ્થાપન થવા એક ખરો ધર્મ ચલાવવા માટે આત્માએ ઝંપલાવ્યું છે. તે ધર્મ પ્રવર્તાવીશ જ.

"મહાવીરે તેના સમયમાં મારો ધર્મ કેટલાક અંશે ચાલતો કર્યો હતો. હવે તેવા પુરુષોના માર્ગને ગ્રહણ કરી શ્રેષ્ઠ ધર્મ સ્થાપન કરીશ.

"અત્રે એ ધર્મના શિષ્યો કર્યા છે. અત્રે એ ધર્મની સભા સ્થાપન કરી લીધી છે.

"સાતસેં મહાનીતિ હમણાં એ ધર્મના શિષ્યોને માટે એક દિવસે તૈયાર કરી છે.

"આખી સૃષ્ટિમાં પર્યટન કરીને પણ એ ધર્મ પ્રવર્તાવીશું. તમે મારા હૃદયરૂપ અને ઉત્કંઠિત છો એટલે આ અદ્‌ભુત વાત દર્શાવી છે. અન્યને નહીં દર્શાવશો.

"તમારા ગ્રહ મને અહીં વળતીએ બીડી દેશો. મને આશા છે કે તે ધર્મ પ્રવર્તાવવામાં તમે મને ઘણા સહાયક થઈ પડશો; અને મારા મહાન શિષ્યોમાં તમે અગ્રેસરતા ભોગવશો. તમારી શક્તિ અદ્‌ભુત હોવાથી આવા વિચાર લખતાં હું અટક્યો નથી.

"હમણાં જે શિષ્યો કર્યા છે તેને સંસાર ત્યાગવાનું કહીએ ત્યારે ખુશીથી ત્યાગે એમ છે. હમણાં પણ તેઓની ના નથી; ના આપણી છે. હમણાં તો સો-બસો ચોતરફથી તૈયાર રાખવા કે જેની શક્તિ અદ્‌ભુત હોય.

"ધર્મના સિદ્ધાંતો દૃઢ કરી, હું સંસાર ત્યાગી, તેઓને ત્યાગાવીશ. કદાપિ હું પરાક્રમ ખાતર થોડો સમય નહીં ત્યાગું તોપણ તેઓને ત્યાગ આપીશ.

"સર્વ પ્રકારથી હું સર્વજ્ઞ સમાન અત્યારે થઈ ચૂક્યો છું, એમ કહું તો ચાલે.

"જુઓ તો ખરા! સૃષ્ટિને કેવા રૂપમાં મૂકીએ છીએ!

"પત્રમાં વધારે શું જણાવું? રૂબરૂમાં ઘણા વિચાર દર્શાવવાના છે. સઘળું સારું જ થશે. મારા પ્રિય મહાશય, એમ જ માનો.

"હર્ષિત થઈ વળતીએ ઉત્તર લખો. વાતને સાગરરૂપ થઈ રક્ષા આપશો!"

ત્યાગીના ય.

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત : ૨૭ : વર્ષ ૨૦મું) (૯૫-૯૬)

notes

-મહાવીરધ્વનિ-
(અનુચિંતન)

વેદનાનાં વેણ — વ્યથિત હૈયે કહેવું, વર્તમાનના વિપરીત, વિશૃંખલિત વીરશાસનનું અંતર વલોવતું વાસ્તવ ચિત્રણ !!

(વીરબોધ)

• "નિર્ગ્રંથ ભગવાને પ્રણીતેલા પવિત્ર ધર્મ માટે જે જે ઉપમા આપીએ તે તે ન્યૂન જ છે.....×××.....શી એની શૈલી! જ્યાં આત્માને વિકારમય થવાનો અનંતાંશ પણ રહ્યો નથી. શુદ્ધ, સ્ફટિક, ફીણ અને ચંદ્રથી ઉજ્જવળ શુક્લ ધ્યાનની શ્રેણિથી પ્રવાહરૂપે નીકળેલાં તે નિર્ગ્રંથનાં પવિત્ર વચનોની મને - તમને ત્રિકાળ શ્રદ્ધા રહો! એ જ પરમાત્માનાં યોગબળ આગળ પ્રયાચના!

(શ્રી. રાજ. વચનામૃત ૫૨)(૨૯)

(વીરબોધ)

• ".....મહાવીરના બોધેલા 'આચારાંગ' નામના એક સૈદ્ધાંતિક [સૈદ્ધાંતિ] શાસ્ત્રમાં આમ કહ્યું છે કે 'एगं जाणई से सव्वं जाणई, जे सव्वं जाणई से एगं जाणई'— એકને જાણ્યો તેણે સર્વ જાણ્યુ, જેણે સર્વને જાણ્યું તેણે એકને જાણ્યો. આ વચનામૃત એમ ઉપદેશે છે કે એક આત્મા, જ્યારે જાણવા માટે પ્રયત્ન કરશે, ત્યારે સર્વ જાણ્યાનું [જાણ્યાનો] પ્રયત્ન થશે; અને સર્વ જાણ્યાનું [જાણ્યાનો] પ્રયત્ન એક આત્મા જાણવાને માટે છે; તો પણ વિચિત્ર જગતનું સ્વરૂપ જેણે જાણ્યું નથી તે આત્માને જાણતો નથી. આ બોધ અયથાર્થ ઠરતો નથી. ...×××××
મહાવીરના બોધનો મુખ્ય પાયો ઉપરના વચનામૃતથી શરૂ થાય છે; અને એનું સ્વરૂપ એણે સર્વોત્તમ દર્શાવ્યું છે."

(શ્રી. રાજ. વચનામૃત ૬૪)(૨૮)

• "તીર્થંકર જે સમજ્યા અને પામ્યા તે.....આ કાળમાં ન સમજી શકે અથવા ન પામી શકે તેવું કંઈ જ નથી. આ નિર્ણય ઘણાય વખત થયા કરી રાખ્યો છે. જોકે તીર્થંકર થવા ઇચ્છા નથી; પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઇચ્છા છે, એટલી બધી ઉન્મત્તતા આવી ગઈ છે. તેને શમાવવાની શક્તિ પણ આવી ગઈ છે, પણ ચાહીને શમાવવાની ઇચ્છા રાખી નથી. ×××××
" દશપૂર્વધારી ઇત્યાદિકની આજ્ઞાનું આરાધન કરવાની મહાવીરદેવની શિક્ષા વિષે આપે જણાવ્યું તે ખરું છે. ~~એણે તો~~ ઘણુંય કહ્યું હતું; પણ રહ્યું છે થોડું અને પ્રકાશક પુરુષ ગૃહસ્થાવાસમાં છે. બાકીના ગુફામાં છે. કોઈ કોઈ જાણે છે પણ તેટલું યોગબળ નથી.
" કહેવાતા આધુનિક મુનિઓનો સૂત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી. સૂત્ર લઈ ઉપદેશ કરવાની આગળ જરૂર પડશે નહીં. સૂત્ર અને તેનાં પડખાં બધાંય જણાયાં છે."

(શ્રી. રાજ. વચનામૃત ૧૭૦ સં.૧૯૪૬-પત્ર ૨૪૯-૫૦)

• ".... ××× આ કળિયુગ છે, એમાં હરિસ્વરૂપ, હરિનામ અને હરિજન દૃષ્ટિએ નથી આવતાં, શ્રવણમાં પણ નથી આવતાં ××× બધાં સાધન કળિયુગથી ઘેરાઈ ગયાં છે. ઘણું કરીને બધાય જીવ ઉન્માર્ગે પ્રવર્તે છે, અથવા સન્માર્ગની સન્મુખ વર્તતા નજરે નથી પડતા. ક્વચિત્ મુમુક્ષુ છે, પણ તેને હજી માર્ગનો

નિકટ સંબંધ નથી.

"નિષ્કપટપણું પણ મનુષ્યોમાંથી ચાલ્યા ગયા જેવું થયું છે, સન્માર્ગનો એક અંશ અને તેનો પણ શતાંશ તે કોઈ આગળ પણ દૃષ્ટિએ પડતો નથી; કેવળજ્ઞાનનો માર્ગ તે તો કેવળ વિસર્જન થઈ ગયો છે! કોણ જાણે હરિની ઇચ્છા શું ય છે? આવો વિકટ કાળ તો હમણાં જ જોયો. કેવળ મંદ પુણ્યવાળાં પ્રાણી જોઈ પરમ અનુકંપા આવે છે. અમને સત્સંગની ન્યૂનતાને લીધે કંઈ ગમતું નથી.

" xxx ધર્મસંબંધ અને મોક્ષસંબંધ તો ઘણું કરીને યોગીઓને પણ ગમે છે/ અને અમે તો તેથી પણ વિરક્ત રહેવા માગીએ છીએ. હાલ તો અમને કંઈ ગમતું નથી."

(શ્રી.રાજચંદ્ર વચનામૃત ૨૮૨. સોભાગ પત્ર) (૩૦૨)

• "દિન પ્રતિદિન જૈન દર્શન ક્ષીણ થતું જોવામાં આવે છે, અને વર્ધમાનસ્વામી થયા પછી થોડાંએક વર્ષમાં તેમાં નાના પ્રકારના ભેદ થયા દેખાય છે તે આદિનાં શાં કારણો?

"હરિભદ્રાદિ આચાર્યોએ નવીન યોજનાની પેઠે શ્રુતજ્ઞાનની ઉન્નતિ કરી દેખાય છે, પણ લોકસમુદાયમાં જૈનમાર્ગ વધારે પ્રચાર પામ્યો દેખાતો નથી, અથવા તથારૂપ અતિશય સંપન્ન ધર્મપ્રવર્તક પુરુષનું તે માર્ગમાં ઉત્પન્ન થવું ઓછું દેખાય છે તેનાં શાં કારણો?

(શ્રી.રાજચંદ્ર વચનામૃત ૭૧૩)(૫૨૯)

વર્ધમાન જિન વર્તમાન મોક્ષમાર્ગ વિદ્યમાનતા

"શ્રી ઋષભદેવથી શ્રી મહાવીર પર્યંત વર્તમાન ભરતક્ષેત્રના ચોવીશ તીર્થંકરોના પરમ ઉપકારને વારંવાર સંભારું છું.

"શ્રીમાન વર્ધમાન જિન વર્તમાન કાળના ચરમ તીર્થંકરદેવની શિક્ષાથી હાલ મોક્ષમાર્ગનું અસ્તિત્વ વર્તે છે એ તેમના ઉપકારને સુવિહિત પુરુષો વારંવાર આશ્ચર્યમય દેખે છે.

કાળદોષે શ્રુતભંડાર વિલુપ્ત

"કાળના દોષથી અપાર શ્રુતસાગરનો ઘણો ભાગ વિસર્જન થતો ગયો અને બિંદુ માત્ર અથવા અલ્પ માત્ર વર્તમાનમાં વિદ્યમાન છે.

"ઘણાં સ્થળો વિસર્જન થવાથી, ઘણાં સ્થળોમાં સ્થૂળ નિરૂપણ રહ્યું હોવાથી નિર્ગ્રંથ ભગવાનના તે શ્રુતનો પૂર્ણ લાભ વર્તમાન મનુષ્યોને આ ક્ષેત્રે પ્રાપ્ત થતો નથી.

"ઘણા મતમતાંતરાદિ ઉત્પન્ન થવાનો હેતુ પણ એ જ છે, અને તેથી જ નિર્મળ આત્મતત્ત્વના અભ્યાસી મહાત્માઓની અલ્પતા થઈ.

"શ્રુત અલ્પ રહ્યા છતાં, મતમતાંતર ઘણા છતાં, સમાધાનનાં કેટલાંક સાધનો પરોક્ષ છતાં, મહાત્મા પુરુષોનું ક્વચિતત્વ છતાં, હે આર્યજનો! સમ્યક્દર્શન,

મહાવીર દર્શન (અનુચિંતન)

વંદનાનાં વેણ – વ્યથિત હૈયે કરેલું, વર્તમાનના વિપરીત, વિશૃંખલિત વીરશાસનનું અંતર વલોવતું વાસ્તવ ચિત્રણ !!

શ્રુત આનંદવાર્તા!

શ્રુતનું રહસ્ય એવો પરમપદનો પંથ, આત્માનુભવનો હેતુ, સમ્યક્ ચારિત્ર અને વિશુદ્ધ આત્મધ્યાન આજે પણ વિદ્યમાન છે, એ પરમ હર્ષનું કારણ છે.

× × × × ×

"દિગંબર અને શ્વેતાંબર એવા બે ભેદ જિનદર્શનમાં મુખ્ય છે. મતદૃષ્ટિથી તેમાં મોટું અંતર જોવામાં આવે છે. તત્ત્વદૃષ્ટિથી તેવો વિશેષ ભેદ જિનદર્શનમાં મુખ્યપણે પરોક્ષ છે; જે પ્રત્યક્ષ કાર્યભૂત થઈ શકે તેવા છે, તેમાં તેવો ભેદ નથી, માટે બન્ને સંપ્રદાયમાં ઉત્પન્ન થતા ગુણવાન પુરુષો સમ્યક્દૃષ્ટિથી જુએ છે, અને જેમ તત્ત્વપ્રતીતિનો અંતરાય ઓછો થાય તેમ પ્રવર્તે છે.

જૈનાભાસે પ્રવર્તિત મતમતાંતરો

"જૈનાભાસથી પ્રવર્તેલાં મતમતાંતરો બીજાં ઘણાં છે, તેનું નિરૂપણ કરતાં પણ વૃત્તિ સંકોચાય છે. જેમાં મૂળ પ્રયોજનનું ભાન નથી, એટલું જ નહીં પણ મૂળ પ્રયોજનથી વિરુદ્ધ એવી પદ્ધતિનું અવલંબન વર્તે છે; તેને મુનિપણાનું સ્વપ્ન પણ ક્યાંથી? કેમકે મૂળ પ્રયોજનને વિસારી ક્લેશમાં પડ્યા છે, અને જીવોને, પોતાની પૂજ્યતાદિને અર્થે, પરમાર્થમાર્ગના અંતરાયક છે.

"તે, મુનિનું લિંગ પણ ધરાવતા નથી, કેમકે સ્વકપોલરચનાથી તેમની સર્વ પ્રવૃત્તિ છે. જિનાગમ અથવા આચાર્યની પરંપરાનું નામ માત્ર તેમની પાસે છે, વસ્તુત્વે તો તે તેથી પરાઙ્મુખ જ છે.

"એક તૂમડા જેવી, દોરા જેવી અલ્પમાં અલ્પ વસ્તુના ગ્રહણત્યાગના આગ્રહથી જુદો માર્ગ ઉપજાવી કાઢી વર્તે છે, અને તીર્થનો ભેદ કરે છે, એવા મહામોહમૂઢ જીવ લિંગાભાસપણે પણ આજે વીતરાગના દર્શનને ઘેરી બેઠા છે, એ જ અસંયતિ પૂજા નામનું આશ્ચર્ય લાગે છે!

"મહાત્મા પુરુષોની અલ્પ પણ પ્રવૃત્તિ સ્વપરને મોક્ષમાર્ગસન્મુખ કરવાની છે. લિંગાભાસી જીવો મોક્ષમાર્ગથી પરાઙ્મુખ કરવામાં પોતાનું બળ પ્રવર્તતું જાણી હર્ષાયમાન થાય છે, અને તે સર્વ કર્મપ્રકૃતિમાં વધતા અનુભાગ અને સ્થિતિબંધનું સ્થાનક છે એમ હું જાણું છું. [અપૂર્ણ]"

(શ્રી. રાજચંદ્ર વચનામૃત ૭૫૭) (પત્ર-૮૨)

૧૦૦ વર્ષ પૂર્વનું શ્રીમદ્-કથન:

શ્રી હેમાચાર્યની મહત્તા

" શ્રી હેમચંદ્રાચાર્યને થયાં આઠસો વરસ થયાં. શ્રી. આનંદઘનજીને થયાં બસો વરસ થયાં. શ્રી હેમચંદ્રાચાર્યે લોકાનુગ્રહમાં આત્મા અર્પણ કર્યો. શ્રી આનંદઘનજીએ આત્મહિત સાધનપ્રવૃત્તિને મુખ્ય કરી. શ્રી. હેમચંદ્રાચાર્ય મહા-પ્રભાવક બળવાન ક્ષયોપશમવાળા પુરુષ હતા. તેઓ ધારત તો જુદો પંથ પ્રવર્તાવી શકે એવા સામર્થ્યવાન હતા. તેમણે ત્રીશ હજાર ઘરને શ્રાવક કર્યા. ત્રીશ હજાર ઘર એટલે સવાથી દોઢ લાખ માણસની સંખ્યા થઈ.... ...તો દોઢ લાખ અનુયાયીઓનો એક જુદો સંપ્રદાય હેમ. (હેમચંદ્રાચાર્ય) ધારત તો પ્રવર્તાવી શકત.

· મહાવીર દર્શન ·
(અનુચિંતન)

વેદનાનાં વેણ — વ્યથિત હૈયે કરેલું, વર્તમાનના વિપરીત, વિશૃંખલિત વીરશાસનનું અંતર વલોવતું વાસ્તવ ચિત્રણ !!

" પણ શ્રી હેમચંદ્રાચાર્યને લાગ્યું કે સંપૂર્ણ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર જ ધર્મપ્રવર્તક હોઈ શકે. અમે તો તીર્થંકરોની આજ્ઞાએ ચાલી તેમના પરમાર્થ-માર્ગનો પ્રકાશ કરવા પ્રયત્ન કરનારા. વીતરાગ માર્ગનો પરમાર્થ પ્રકાશવારૂપ લોકાનુગ્રહ શ્રી હેમચંદ્રાચાર્યે કર્યો. તેમ કરવાની જરૂર હતી. વીતરાગ માર્ગ પ્રતિ વિમુખતા અને અન્ય માર્ગ તરફથી વિષમતા, ઈર્ષ્યા આદિ શરૂ થઈ ચૂક્યાં હતાં. આવી વિષમતામાં વીતરાગમાર્ગ ભણી લોકોને વાળવા, લોકોપકારની તથા તે માર્ગના રક્ષણની તેમને જરૂર જણાઈ. અમારું ગમે તેમ થાઓ, આ માર્ગનું રક્ષણ થવું જોઈએ. એ પ્રકારે તેમણે સ્વાર્પણ કર્યું. પણ આમ તેવા જ કરી શકે. તેવા ભાગ્યવાન, માહાત્મ્યવાન, ક્ષયોપશમવાન જ કરી શકે. જુદાં જુદાં દર્શનોનો યથાવત્ તોલ કરી અમુક દર્શન સંપૂર્ણ સત્ય-સ્વરૂપ છે એવો નિર્ધાર કરી શકે તેવા પુરુષ લોકાનુગ્રહ, પરમાર્થપ્રકાશ, આત્માર્પણ કરી શકે.

" શ્રી હેમચંદ્રાચાર્યે ઘણું કર્યું. શ્રી આનંદઘનજી તેમના પછી છસો વરસે થયા. એ છસો વરસના અંતરાળમાં બીજા તેવા હેમચંદ્રાચાર્યની જરૂર હતી. વિષમતા વ્યાપતી જતી હતી. કાળ ઉગ્ર સ્વરૂપ લેતો જતો હતો. શ્રી વલ્લભાચાર્યે શૃંગારયુક્ત ધર્મ પ્રરૂપ્યો. શૃંગારયુક્ત ધર્મ ભણી લોકો વળ્યા, આકર્ષાયા. વીતરાગ-ધર્મવિમુખતા વધતી ચાલી. અનાદિથી જીવ શૃંગાર આદિ વિભાવમાં તો મૂર્ચ્છા પામી રહ્યો છે, તેને વૈરાગ્ય સન્મુખ થવું મુશ્કેલ છે. ત્યાં તેની પાસે શૃંગાર જ ધર્મરૂપે મૂકાય તો તે વૈરાગ્ય ભણી કેમ વળી શકે ? આમ વીતરાગ-માર્ગવિમુખતા વધી.

જિનપ્રતિમા મહત્તા!

" ત્યાં પ્રતિમાપ્રતિપક્ષ સંપ્રદાય જૈનમાં જ ઊભો થયો ! ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એવી જિનપ્રતિમા પ્રતિ લાખો દૃષ્ટિવિમુખ થયાં, વીતરાગ શાસ્ત્ર કલ્પિત અર્થથી વિરાધાયાં, કેટલાંક તો સમૂળગાં ખંડાયાં....! આમ આ છસો વરસના અંતરાળમાં વીતરાગમાર્ગરક્ષક બીજા હેમચંદ્રાચાર્યની જરૂર હતી. અન્ય ઘણા આચાર્યો થયા, પણ તે શ્રી હેમચંદ્રાચાર્ય જેવા પ્રભાવશાળી નહીં. એટલે વિષમતા વધતી ચાલી / વિષમતા સામે ટકી ન શકાયું. ત્યાં શ્રી આનંદઘનજી બસો વર્ષ પૂર્વે થયા.

આનંદઘનજી – અપાર ઉપકારક છતાં ઉપેક્ષિત

" શ્રી આનંદઘનજીએ સ્વપર હિતબુદ્ધિથી લોકોપકાર પ્રવૃત્તિ શરૂ કરી. આ મુખ્ય પ્રવૃત્તિમાં આત્મહિત ગૌણ કર્યું, પણ વીતરાગધર્મવિમુખતા, વિષમતા એટલી બધી વ્યાપી ગઈ હતી કે લોકો ધર્મને કે આનંદઘનજીને પિછાણી ન શક્યાં, ઓળખી કદર કરી ન શક્યાં. પરિણામે શ્રી આનંદઘનજીને લાગ્યું કે પ્રબળ વ્યાપી ગયેલી વિષમતાયોગે લોકોપકાર, પરમાર્થપ્રકાશ કારગત થતો નથી, અને આત્મહિત ગૌણ થઈ તેમાં બાધા આવે છે, માટે આત્મહિતને મુખ્ય કરી તેમાં પ્રવર્તવું યોગ્ય છે.

વેદનાનાં વેણ — વ્યથિત હૈયે કરેલું, વર્તમાનના વિપરીત, વિશૃંખલિત વીરશાસનનું અંતર વલોવતું વાસ્તવ ચિત્રણ !!

આવી વિચારણાને પરિણામે તે લોકસંગ ત્યજી દઈ વનમાં ચાલી નીકળ્યા. વનમાં વિચરતાં છતાં અપ્રગટપણે રહી ચોવીશી, પદ આદિ વડે લોકોપકાર તો કરી જ ગયા. નિષ્કારણ લોકોપકાર એ મહાપુરુષોનો ધર્મ છે.

"પ્રગટપણે લોકો આનંદઘનજીને ઓળખી ન શક્યાં! પણ આનંદઘનજી તો અપ્રગટ રહી તેમનું હિત કરતા ગયા. અત્યારે તો શ્રી આનંદઘનજીના વખત કરતાં પણ વધારે વિષમતા, વીતરાગમાર્ગવિમુખતા વ્યાપેલી છે...!!

"શ્રી આનંદઘનજીને સિદ્ધાંતબોધ તીવ્ર હતો. તેઓ શ્વેતાંબર સંપ્રદાયમાં હતા. 'ચૂર્ણિ, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ, વૃત્તિ, પરંપર અનુભવ રે' ઈત્યાદિ પંચાંગીનું નામ તેમના શ્રી નમિનાથજીના સ્તવનમાં ન આવ્યું હોત તો ખબર ન પડત કે તેઓ શ્વેતાંબર સંપ્રદાયના હતા કે દિગંબર સંપ્રદાયના?"

(શ્રી. રાજચં વચનામૃત ૭૫૬ : ઉપદેશ નોંધ ૭) (૬૬૫-૬૬)

ક્ષીણજ્ઞાને મતભેદ

"(૨૭) આ કાળને વિષે જ્ઞાન ક્ષીણ થયું છે; અને જ્ઞાન ક્ષીણ થવાથી મતભેદ ઘણા થયા છે. જેમ જ્ઞાન ઓછું તેમ મતભેદ વધારે, અને જ્ઞાન વધુ તેમ મતભેદ ઓછા, નાણાંની પેઠે. જ્યાં નાણું ઘટ્યું ત્યાં કંકાસ વધારે, અને જ્યાં નાણું વધ્યું ત્યાં કંકાસ ઓછા હોય છે.

"(૨૮) જ્ઞાન વિના સમ્યક્ત્વનો વિચાર સૂઝતો નથી. મતભેદ ઉત્પન્ન નથી કરવો એવું જેના મનમાં છે તે જે જે વાંચે અથવા સાંભળે તે તે તેને ફળે છે. મતભેદાદિ કારણને લઈને શ્રુત-શ્રવણાદિ ફળતાં નથી.

"(૨૯) .....xxx તેવી જ રીતે જિનમાર્ગનું સ્વરૂપ તથા તેનું રહસ્ય શું છે તે સમજ્યા વિના, અથવા તેનો વિચાર કર્યા વિના અલ્પ અલ્પ શંકાઓ માટે બેસી રહી આગળ ન વધવું તે ઉચિત નથી. જિનમાર્ગ ખરી રીતે જોતાં તો જીવને કર્મક્ષય કરવાનો ઉપાય છે, પણ જીવ પોતાના મતથી ગૂંચાઈ ગયેલ છે."

(શ્રી. રાજ વચનામૃત ૭૫૮ : વ્યાખ્યાન સાર-૧) (૭૩૫)

· મહાવીર દર્શન ·

મહાવીર મહાજીવનકથા : **મહાવીર ચરિત્ર ~ શ્રીમદ્ રાજચંદ્રજીના અનુભૂત આર્ષ વચનામૃત-શબ્દોમાં.**

• "……એ સઘળા જ્ઞાનીઓ કરતાં પરમ માનવા યોગ્ય સર્વજ્ઞ મહાવીરનાં વચન સર્વ સ્થળે એ જ છે કે~ સંસાર એકાંત અને અનંત શોકરૂપ તેમજ દુઃખપ્રદ છે. અહો! ભવ્ય લોકો! એમાં મધુરી મોહિની ન આણતાં એથી નિવૃત્ત થાઓ! નિવૃત્ત થાઓ !!

અનુપમ અદ્‌ભુતતા : " મહાવીરનો એક સમય માત્ર પણ સંસારનો ઉપદેશ નથી. એનાં સઘળાં પ્રવચનોમાં એણે એ જ પ્રદર્શિત કર્યું છે; તેમ તેવું સ્વાચરણથી સિદ્ધ પણ કરી આપ્યું છે. કંચનવર્ણી કાયા, યશોદા જેવી રાણી, અઢળક સામ્રાજ્યલક્ષ્મી અને મહા પ્રતાપી સ્વજન પરિવારનો સમૂહ છતાં તેની મોહિનીને ઉતારી દઈ જ્ઞાનદર્શનયોગપરાયણ થઈ એણે જે અદ્‌ભુતતા દર્શાવી છે તે અનુપમ છે. એનું એ જ રહસ્ય પ્રકાશ કરતાં પવિત્ર 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં આઠમા અધ્યયનની પહેલી ગાથામાં કપિલ કેવળીની સમીપે તત્ત્વાભિલાષીનાં મુખકમળથી મહાવીર કહેવરાવે છે કે,

अधुवे असासयंमि संसारंमि दुक्खपउराए,
किं नाम हुज्ज कम्मं जेणाहं दुग्गई न गच्छिज्जा.

'અધ્રુવ અને અશાશ્વત સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ છે, હું એવી શું કરણી કરું કે જે કરણીથી કરી દુર્ગતિ પ્રતિ ન જાઉં?'

" ××× પરંતુ એ સઘળા તત્ત્વજ્ઞાનીઓ કંઈ તત્ત્વજ્ઞાનચંદ્રની સોળે કળાઓથી પૂર્ણ હોતા નથી; આ જ કારણથી સર્વજ્ઞ મહાવીરનાં વચન તત્ત્વજ્ઞાનને માટે જે પ્રમાણ આપે છે તે મહદ્‌ભૂત, સર્વમાન્ય અને કેવળ મંગળમય છે. …."

(શ્રી રાજચંદ્ર વચનામૃત : ભાવનાબોધ : ઉપોદ્‌ઘાત : ૧૬ : પૃ ૩૩-૩૪ : ૧૭ વર્ષવયે!)

મહાન મનોજયી, કલ્પના-જયી! • " તે જિન-વર્દ્ધમાનાદિ સત્પુરુષો કેવા મહાન મનોજયી હતા! તેને મૌન રહેવું-અમૌન રહેવું બન્ને સુલભ હતું; તેને સર્વ અનુકૂળ-પ્રતિકૂળ દિવસ સરખા હતા; તેને લાભ-હાનિ સરખી હતી; તેનો ક્રમ માત્ર આત્મસમતાર્થે હતો. કેવું આશ્ચર્યકારક કે, એક કલ્પનાનો જય એક કલ્પે થવો દુર્લભ, તેવી તેમણે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમા ભાગે શમાવી દીધી!"

(શ્રી રાજચંદ્ર વચનામૃત : ૯૧ : પૃ.૧૯૭ : ૨૨ વર્ષ વયે)

• " હે ગૌતમ! તે કાળ અને તે સમયમાં છદ્મસ્થ અવસ્થાએ, હું અગિયાર વર્ષની પર્યાયે, છઠ્ઠ છઠ્ઠ સાવધાનપણે, નિરંતર તપશ્ચર્યા અને સંયમથી આત્મતા ભાવતાં, પૂર્વાનુપૂર્વીએ ચાલતાં, એક ગામથી બીજે ગામ જતાં, જ્યાં સુસુમારપુર નગર, જ્યાં વનખંડ બાગ, જ્યાં અશોકવર પાદપ, જ્યાં પૃથ્વીશિલાપટ, ત્યાં આવ્યો; આવીને અશોકવર પાદપની નીચે, પૃથ્વીશિલાપટ પર અષ્ટમભક્ત ગ્રહણ કરીને, બન્ને પગ સંકોચીને, લાંબા કર કરીને, એક પુદ્‌ગલમાં દૃષ્ટિ અડગ સ્થાપીને, અનિમેષ નયનથી, જરા શરીર નીચું અગાડી ઝૂકી રાખીને, યોગની સમાધિથી, સર્વ ઈંદ્રિયો ગુપ્ત કરીને, એક રાત્રિની મહાપ્રતિમા ધારણ કરીને, વિચરતો હતો. (અસમંજસ)"

[શ્રી ભગવતીસૂત્ર, શતક ૩, ઉદ્દેશક ૨] (શ્રી રાજચંદ્ર વચનામૃત : ૨૫૦ (૩) : રોજનીશી : ૨૩ વર્ષે : સં.૧૯૪૭)

· મહાવીર દર્શન ·

મહાવીર જીવન મહાકથા

મહાવીર ચરિત્ર ~ શ્રીમદ્ રાજચંદ્રજીના અનુભૂત આર્ષ વચનામૃત-શબ્દોમાં :

મહાવીરનું વિશ્વદર્શન • "પ્રથમ ત્રણ કાળને મૂઠીમાં લીધો, એટલે મહાવીર દેવે જગતને આમ જોયું —
તેમાં અનંત ચૈતન્યાત્માઓ મુક્ત દીઠા.
અનંત ચૈતન્યાત્માઓ બદ્ધ દીઠા.
અનંત મોક્ષપાત્ર દીઠા.
અનંત મોક્ષઅપાત્ર દીઠા.
અનંત અધોગતિમાં દીઠા.
ઊર્ધ્વગતિમાં દીઠા.
તેને પુરુષાકાર જોયું.
જડ ચૈતન્યાત્મક જોયું."

(શ્રી.રાજ આર્ષ વચનામૃત : ૧૫૬ : ૨૩ વર્ષ : પૃ.૨૭૨).

• "સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે:— ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.

" એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

आणाए धम्मो आणाए तवो ।

" આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ."
(આચારાંગ સૂત્ર)

(શ્રી.રાજ વચનામૃત : ૧૯૪ : ૨૪ વર્ષ : પૃ.૨૫૦)

ધ્યાનભુવનમાં મહાવીર • " શુદ્ધ નિરંજન અલખ અગોચર, એહિ જ સાધ્ય સુહાયો રે;
જ્ઞાનક્રિયા અવલંબી ફરસ્યો, અનુભવ સિદ્ધિ ઉપાયો રે.
રાય સિદ્ધાર્થ વંશ વિભૂષણ, ત્રિશલારાણી જાયો રે;
અજ અજરામર સહજાનંદી, ધ્યાનભુવનમાં ધ્યાયો રે."

(શ્રી. રાજ વચનામૃત : ૩૧૧ : ૨૫ વર્ષ : પૃ.૩૧૦)

જિનદૃષ્ટ આત્મસ્વરૂપ • " એકમાત્ર શ્રી જિને કહ્યું છે તે આત્મસ્વરૂપ વિશેષ વિશેષ અવિરોધી જોવામાં આવે છે અને તે પ્રકારે વેદવામાં આવે છે; સંપૂર્ણપણે અવિરોધી જિનનું કહેલું આત્મસ્વરૂપ હોવા યોગ્ય છે, એમ ભાસે છે. ×××××

" સંપૂર્ણ આત્મસ્વરૂપ કોઈ પણ પુરુષને વિષે પ્રગટવું જોઈએ, એવો આત્માને વિષે નિશ્ચય પ્રતીતિભાવ આવે છે; અને તે કેવા પુરુષને વિષે પ્રગટવું જોઈએ, એમ વિચાર કરતાં જિન જેવા પુરુષને પ્રગટવું જોઈએ એમ સ્પષ્ટ લાગે છે. કોઈને પણ આ સૃષ્ટિમંડળને વિષે આત્મસ્વરૂપ સંપૂર્ણ પ્રગટવા યોગ્ય હોય તો શ્રી વર્ધમાન સ્વામીને વિષે પ્રથમ પ્રગટવા યોગ્ય લાગે છે, અથવા તે દશાના પુરુષોને વિષે સૌથી પ્રથમ સંપૂર્ણ આત્મસ્વરૂપ."

(શ્રી રાજ આર્ષ વચનામૃત : ૫૫૭ : ૨૮ વર્ષ : પૃ.૪૬૩-૬૪).

'મહાવીર દર્શન'
મહાવીરમહાજીવનકથા

મહાવીર ચરિત્ર — શ્રીમદ્ રાજચંદ્રજીના અનુભૂત આર્ષ વચનામૃત-શબ્દોમાં :

મૌન વિચરણ

• "જન્મથી જેને મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હતાં, આત્મો-પયોગી એવી વૈરાગ્યદશા હતી, અને અલ્પકાળમાં ભોગકર્મ ક્ષીણ કરી સંયમને ગ્રહણ કરતાં મનઃપર્યવ નામનું જ્ઞાન પામ્યા હતા, એવા શ્રીમદ્ મહાવીરસ્વામી, તે છતાં પણ બાર વર્ષ અને સાડા છ માસ સુધી મૌનપણે વિચર્યા. આ પ્રકારનું તેમનું પ્રવર્તન તે ઉપદેશમાર્ગ પ્રવર્તાવતાં કોઈ પણ જીવે અત્યંત-પણે વિચારી પ્રવર્તવા યોગ્ય છે, એવી અખંડ શિક્ષા પ્રતિબોધે છે."

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત : ૬૨૦ : ૨૮ વર્ષ : પૃ. ૪૭૫-૭૬).

એકલા!

• "કરાળ કાળ! આ અવસર્પિણી કાળમાં ચોવીશ તીર્થંકર થયા. તેમાં છેલ્લા તીર્થંકર શ્રમણ ભગવાન શ્રી મહાવીર દીક્ષિત થયા પણ એકલા! સિદ્ધિ પામ્યા પણ એકલા! પ્રથમ ઉપદેશ તેમનો પણ અફળ ગયો!"

(શ્રી રાજ વચનામૃત : [illegible] : ૩૧ વર્ષ : પૃ. ૬૨૬)

સમદર્શી મહાવીર-મહિમા

• "ગૌતમસ્વામીએ મહાવીરસ્વામીને વેદનાં પ્રશ્નો પૂછ્યા, તેનું, સર્વ દોષનો ક્ષય કર્યો છે એવા તે મહાવીરસ્વામીએ વેદના દાખલા દઈ સમાધાન સિદ્ધ કરી આપ્યું!

× × × × ×

વીશ લાખ જૈનો ક્યાં?

"મોટા પુરુષોની દૃષ્ટિએ જોતાં બધાં દર્શન સરખાં છે. જૈનમાં વીશ લાખ જીવો મતમતાંતરમાં પડ્યાં છે! જ્ઞાનીની દૃષ્ટિએ ભેદાભેદ હોય નહીં."

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત : ૭૫૭ : ઉપદેશ છાયા : ૪ : પૃ. ૬૭૭)

• "શ્રી મહાવીરસ્વામીને સંગમ નામે દેવતાએ બહુ જ, પ્રાણત્યાગ થતાં વાર ન લાગે તેવા પરિષહ દીધા, ત્યાં કેવી અદ્ભુત સમતા! ત્યાં તેઓએ વિચાર્યું કે જેનાં દર્શન કરવાથી કલ્યાણ થાય, નામ સ્મરવાથી કલ્યાણ થાય તેના સંગ-માં આવીને અનંત સંસાર વધવાનું આ જીવ ને કારણ થાય છે! આવી અનુકંપા આવવાથી આંખમાં આંસુ આવી ગયાં! કેવી અદ્ભુત સમતા! પારકી [illegible] દયા કેવી રીતે ઊગી નીકળી હતી! તે વખતે મોહરાજાએ જો જરા ધક્કો માર્યો હોત તો તો તરત જ તીર્થંકરપણું સંભવત નહીં; તો કે દેવતા તો ભાગી જાત. પણ મોહનીયના મળને મૂળથી નાશ કર્યો છે, અર્થાત્ મોહને જીત્યો છે, તે મોહ કેમ કરે?"

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત : ૭૫૭ : ઉપદેશ છાયા : ૪ : પૃ. ૬૭૭)

ગુણગ્રામ અનંત નિર્જરા કારણ

• "મહાવીર સ્વામી ગૃહવાસમાં રહેતા છતાં પણ ત્યાગી જેવા હતા!.... તેઓની વાણી ઉદય પ્રમાણે શાંતિપૂર્વક પરમાર્થ હેતુથી નીકળે છે, અર્થાત્ તેમની વાણી કલ્યાણ અર્થે જ છે. તેઓને જન્મથી મતિ, શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાન હતાં. તે પુરુષના ગુણગ્રામ કરતાં અનંતી નિર્જરા છે." (શ્રી રાજ વચનામૃત : ઉપદેશ છાયા : [illegible] : પૃ. [illegible])

॥ ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥

મહાવીર શાસન • પરમકૃપાળુદેવની સાચક, સર્વહિતૈષી, આર્ષદૃષ્ટિમાં .(સંક્ષેપ)

પૂર્વભૂમિકાસાર (સંક્ષિપ્ત)

વર્તમાને પ્રવર્તમાન શાસન **શ્રમણ ભગવંત મહાવીર** પ્રણીત. તેમને નિર્વાણ પધાર્યે (૨૦૪૪માં) ૨૪૧૪+૧૨૩=૨૫૩૭ વર્ષ થઈ ગયાં. મગધના ક્ષત્રિયકુંડમાં ત્રિશલાદેવીની કૂખે સિદ્ધાર્થ રાજાથી જન્મ. જન્મ્યા. તેમના મોટાભાઈ નંદિવર્ધન અને સ્ત્રી યશોદા. ૩૦ વર્ષ ગૃહે રહી, એકાંતિક વિહારે ૧૨ાા વર્ષ ૧ પક્ષ તપાદિ સાધનાસારે અશેષ ઘનઘાતી કર્મ ભસ્મીભૂત કરી, ઋજુવાલિકા નદીતટે કેવળજ્ઞાન-કેવળદર્શન પામ્યાં. કુલ ૭૨ વર્ષ આયુ પૂર્ણે સર્વકર્મ ભસ્મીભૂત કરી સિદ્ધસ્વરૂપને પામનાર વર્તમાન ચોવીસીના તેઓ અંતિમ જિનેશ્વર.

ભગવતીસૂત્ર પ્રવચનાધારે તેમનું ધર્મતીર્થ પ્રવર્તન ૨૧,૦૦૦ વર્ષ, અર્થાત્ પંચમકાળની પૂર્ણતા સુધી પ્રવર્તશે.

૧૦ અપવાદ યુક્ત આ કાળ હોઈને ધર્મતીર્થ પર અનેક વિપત્તિઓ આવી છે, આવે છે અને પ્રવચનાનુસાર આવશે પણ ખરી.

"જૈન સમુદાયમાં પરસ્પર મતભેદ બહુ પડી ગયા છે. પરસ્પર નિંદાગ્રંથોથી જંજાળ માંડી બેઠા છે. વિવેક વિચારે મધ્યસ્થ પુરુષો મતમતાંતરમાં નહીં પડતાં જૈન શિક્ષાનાં મૂળતત્ત્વ પર આવે છે; ઉત્તમ શીલવાન મુનિઓ પર ભાવિક રહે છે, અને સત્ય એકાગ્રતાથી પોતાના આત્માને દમે છે."

કાળ પ્રભાવને લીધે, શાસન કંઈક સામાન્ય પ્રકારથી વિશેષ જોઈએ તેવું પ્રફુલ્લિત ન થઈ શકે.

ઉત્તરાધ્યયન સૂત્રના 'વંક જડાય પચ્છિમા' વચનાનુસાર **મહાવીર-શિષ્યો વાંકા ને જડ થશે એ સત્ય અનુભવસિદ્ધ છે.** "આપણે ક્યાં તત્ત્વનો વિચાર કરીએ છીએ? ક્યાં ઉત્તમ શીલનો વિચાર કરીએ છીએ? નિયમિત વખત ધર્મમાં ક્યાં વ્યતીત કરીએ છીએ? ધર્મતીર્થના ઉદય માટે ક્યાં લક્ષ રાખીએ છીએ? ક્યાં દાઝવડે ધર્મને-ધર્મતત્ત્વને- શોધીએ છીએ?" ×××× પણ તત્ત્વને કોઈક જ જાણે છે; જાણ્યા કરતાં ઝાઝી શંકા કરનારાં અર્ધદગ્ધો પણ છે; જાણીને અહંપદ કરનારા પણ છે; પરંતુ જાણીને તત્ત્વના કાંટામાં તોળનાર કોઈક વિરલા જ છે. પરંપર આમ્નાયથી કેવળ, મનઃપર્યવ અને પરમાવધિ-જ્ઞાન વિચ્છેદ ગયાં; દૃષ્ટિવાદ વિચ્છેદ ગયું; સિદ્ધાંતનો ઘણો ભાગ વિચ્છેદ ગયો; માત્ર થોડા રહેલા ભાગ પર સામાન્ય સમજણથી શંકા કરવી યોગ્ય નથી. જે શંકા થાય તે વિશેષ જાણનારને પૂછવી ત્યાંથી મનમાનતો ઉત્તર ન મળે તોપણ જિનવચનની શ્રદ્ધા ચળવિચળ કરવી નહીં. અનેકાંત શૈલીના સ્વરૂપને વિરલા જાણે છે. ભગવાનના કથનરૂપ મણિના ઘરમાં કેટલાંક પામર પ્રાણીઓ દોષરૂપી કાણું શોધવાનું મથન કરી અધોગતિજન્ય કર્મ બાંધે છે. લીલોતરીને બદલે તેની સૂકવણી કરી લેવાનું કોણે, કેવા વિચારથી શોધી કાઢ્યું હશે?" (*'સંત... પં. સુખલાલજીની અનુમોદક સમાલોચના) [મોક્ષમાળા' શિક્ષાપાઠ ૫૩ : પૃ. ૧૫૪-૧૫૫].

• દૃઢ, એકાગ્ર, અચળ કાયોત્સર્ગ ધ્યાન • 'મોક્ષમાળા'માંની પરમકૃપાળુકથિત બોધકથા

મહાવીર ભગવંતના વિમળભાવથી દ્વાદશવ્રતધારક, વિવેકી, નિર્ગ્રંથવચનાનુરક્ત શિષ્ય કામદેવ શ્રાવકની ધર્મઅચળતાની એક વેળા ઇન્દ્રે સુધર્મા સભામાં પ્રશંસા કરી. તે સુણીને એક તુચ્છ બુદ્ધિમાન દેવે એવી સુદૃઢતાનો અવિશ્વાસ બતાવી કહ્યું અને પડકાર કર્યો કે, "જ્યાં સુધી પરિષહ પડ્યા ન હોય ત્યાં સુધી બધાય સહનશીલ અને ધર્મદૃઢ જણાય... નારી ન મળે ત્યાં સુધી બ્રહ્મચારી!... આ મારી વાત હું એને ચળાવી આપીને સત્ય કરી દેખાડું."

આમ હુંકાર-પડકાર કરી તે દેવ પૃથ્વી ઉપર ઊતર્યો.

"ધર્મદૃઢ કામદેવ તે વેળા કાયોત્સર્ગ (ધ્યાન)માં લીન હતો. દેવતાએ હાથીનું રૂપ વૈક્રિય કર્યું, અને પછી કામદેવને ખૂબ ગૂંધ્યો તો પણ તે અચળ રહ્યો; એટલે મુશળ જેવું અંગ કરીને કાળા વર્ણનો સર્પ થઈને ભયંકર ફૂંકાર કર્યા, તોય કામદેવ કાયોત્સર્ગથી લેશ ચળ્યો નહીં; પછી અટ્ટહાસ્ય કરતા રાક્ષસનો દેહ ધારણ કરીને અનેક પ્રકારના પરિષહ કર્યા, તો પણ કામદેવ કાયોત્સર્ગથી ચળ્યો નહીં. સિંહ વગેરેનાં અનેક ભયંકર રૂપ કર્યાં; તો પણ કાયોત્સર્ગમાં લેશ હીનતા કામદેવે આણી નહીં! એમ રાત્રિના ચાર પહોર દેવતાએ કર્યા કર્યું, પણ તે પોતાની ધારણામાં ફાવ્યો નહીં. પછી તેણે ઉપયોગ વડે કરીને જોયું તો મેરુના શિખરની પેરે તે અડોલ રહ્યો દીઠો. કામદેવની અદ્ભુત નિશ્ચલતા જાણી તેને વિનયભાવથી પ્રણામ કરી દોષ ક્ષમાવીને તે દેવતા સ્વસ્થાનકે ગયો."

<u>બોધ</u> : "કામદેવ શ્રાવકની ધર્મદૃઢતા આપણને શો બોધ કરે છે તે કહ્યા વગર પણ સમજાયું હશે! એમાંથી તત્ત્વવિચાર એ લેવાનો છે કે, નિર્ગ્રંથપ્રવચનમાં પ્રવેશ કરીને દૃઢ રહેવું. કાયોત્સર્ગ ઇત્યાદિક જે ધ્યાન ધરવાનાં છે તે જેમ બને તેમ એકાગ્ર ચિત્તથી અને દૃઢતાથી નિર્દોષ કરવાં" ('કામદેવ શ્રાવકની ધર્મદૃઢતા એવો બોધ કરે છે કે સત્ય ધર્મ અને સત્ય પ્રતિજ્ઞામાં પરમદૃઢ રહેવું અને કાયોત્સર્ગાદિ જેમ બને તેમ એકાગ્ર ચિત્તથી અને સુદૃઢતાથી નિર્દોષ કરવાં.') ચળવિચળભાવથી કાયોત્સર્ગ બહુ દોષયુક્ત થાય છે. 'પાઈને માટે ધર્મશાખ કાઢનાર ધર્મમાં દૃઢતા ક્યાંથી રાખે? અને રાખે તો કેવી રાખે?' એ વિચારતાં ખેદ થાય છે. ('પાઈ જેવા દ્રવ્યલાભ માટે ધર્મશાખ કાઢનારની ધર્મમાં દૃઢતા ક્યાંથી રહી શકે? અને રહી શકે તો કેવી રહે?')

(- 'મોક્ષમાળા' શિક્ષાપાઠ ૨૨ ; કામદેવ શ્રાવક : પૃ. ૨૦૩-૪)

notes

મહાવીરજીવનકથા
(અરણિ-કાષ્ઠ)

:- આત્માના દર્શન - આગમસૂત્રોમાંની ભ. મહાવીર સ્વયં કથિત બોધકથા

એકવાર સાથે મળીને કેટલાક કઠિયારાઓ જંગલમાં લાકડાં કાપવા ગયા. વચ્ચે એક સાથીને રોકીને, સૌએ આગળ જતાં પહેલાં, તેને ભોજન બનાવ--વાનું કામ સોંપ્યું. અગ્નિ ઓલવાઈ જાય તો પુનઃ પેટાવવા તેને અરણિ--કાષ્ઠ આપ્યું અને તેના લાકડામાંથી અગ્નિ મેળવી લેવાનું કહ્યું. બધાં ગયા.

પેલો આળસુ સાથી, " સાંજે બધા પાછા ફરે ત્યાંસુધીમાં લાવ એક ઊંઘ ખેંચી લઉં" કહી વૃક્ષની શીતળ છાયામાં ઊંડી ઊંઘમાં પોઢી ગયો. જ્યારે ઊઠ્યો ત્યારે સૂરજ ઢળી રહ્યો હતો અને પેટાવેલી આગ પણ બુઝાઈ ગઈ હતી! તેણે પેલા અરણિ-કાષ્ઠનો ટુકડો એક કાપ્યો અને તેને અહીં તહીં ફેરવી જોયો, પણ વ્યર્થ. વિચાર્યું, " અરે! ક્યાં છે આમાં અગ્નિ? કદાચ અંદરમાં તો નહીં હોય?" અને આમ એ કાષ્ઠની અંદર અગ્નિને શોધવા માટે તે તેના ટુકડા પર ટુકડા કરતો ચાલ્યો, પણ તેમાંથી અગ્નિ નહીં મળ્યો તે નહીં જ મળ્યો!

આવી નિરાશાથી તે પોતાના સાથીઓને દોષ દેવા લાગ્યો અને સાંજે જ્યારે થાક્યા પાક્યા ભોજન-ભૂખ્યા સાથીઓ પરત ફર્યા ત્યારે તેમના પર રાતો પીળો થઈ તાડૂકી ઊઠ્યો: "તમે લોકો ભારે ધૂર્ત છો... કહી ગયા હતા કે આ અરણિ-કાષ્ઠમાંથી અગ્નિ મેળવી લેજે, પરંતુ તેના એક એક ટુકડા કરવા છતાં અગ્નિ મળ્યો નહીં! ક્યાંથી મળે? તેમાં હોય તો ને?... અને અગ્નિ વિના ભોજન બનાવું શી રીતે?"

આ પરથી સૌ સાથીઓ લડવા ઝગડવા લાગ્યા. તેમાંના એક સમજદાર સાથીએ અરણિ-કાષ્ઠનો સમજપૂર્વકનો પ્રયોગ કરી દેખાડતાં પેલા આળસુ સાથીને કહ્યું: "જો અગ્નિ આમાં છે અવશ્ય, પણ ટુકડા ટુકડા કરવાથી તે નથી મળતો. તે પ્રાપ્ત કરવો એ પણ એક કળા છે..." આમ કહી તેણે અરણિ-કાષ્ઠના બે ટુકડાને લઈને ખૂબ જોરથી અન્યોન્ય રગડ્યા, ઘસ્યા. તેના સંઘર્ષણથી થોડી જ પળોમાં અગ્નિની ચિનગારીઓ સાથે અગ્નિ પાવક પ્રજળી ઊઠ્યો!

આ જોઈ ક્ષોભિત પહેલો સાથી પોતાના અજ્ઞાનને દોષ દેતો બોલી ઊઠ્યો: " તો આવો યુક્તિભર્યો ઉપાય છે? મને શું ખબર કે અરણિને ઘસવાથી આગ પ્રકટ થાય છે! મેં તો ટુકડા ટુકડા કરી નાખ્યા તોય ક્યાંય અગ્નિના દર્શન પણ નહીં થયાં!" આવું જ છે રહસ્ય આત્મ-દર્શન પામવાનું.

બોધ: રાજપ્રશ્નીય-સૂત્રની આ કથા અને 'પરમાનંદસ્તોત્ર'ની ગાથા "काष्ठमध्ये यथा वन्हि" આનંદઘનજી અને કબીરની અનુભવગાથાઓનો પણ સંદર્ભ આપતો સાર આપે છે કે "શરીર-સ્થિત આત્માના દર્શનાર્થ શરીરના ટુકડા ટુકડા કરવાની મૂર્ખતાની નહીં, સુદક્ષ અભ્યાસી દ્વારા ગહન ચિંતન-મંથનની આવશ્યકતા છે. આત્મા અને કર્મના સંઘર્ષણ, વિભાવ અને સ્વભાવના સંઘર્ષથી શરીરના કણકણમાં સંનિહિત આત્મજ્યોતિના દર્શન

* "तन-माही अवराइ पिये कस जगा अनुभव लाली" (आनंदघन)
* "इस तन का दीया करूं, बाती मेलूं जीव, लोही सींचु तेल ज्युं, कब मुख देखुं पीव/प्रिय ?" (कबीर)

(કથાસંદર્ભ: આગમગ્રંથ)